સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/વિતરણ/૧૭-૧૮/૧૧૮
જીલ્લા પંચાયત કાર્યાલય ,
કૃષિ અનુભાગ,
ઢોલર, મોટી દમણ,
તારીખ :- ૨૫/૦૧/૨૦૧૮

પ્રતિ શ્રી,
સરપંચ /સેક્રેટરી/ગ્રામ સેવક
______________________
______________________

વિષય :- કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતોને ફળોં ની કલમો અને ફળમાખી નિયંત્રણ માટેની ટ્રેપનું નિઃશૂલ્ક વિતરણ કરવાના પૂર્વ આયોજન સહ, જાણ કરવા બાબત.

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષય ના સંદર્ભમાં જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા " સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના વર્ષ ૨૦૧૭-૧૮,અંતઃર્ગત, દમણ જીલ્લાના સ્થાનિક ખેડૂતોને ફળોં ની કલમો અને ફળમાખી નિયંત્રણ માટેની ટ્રેપનું નિઃશૂલ્ક વિતરણ કરવાના પૂર્વ આયોજનના ભાગ રૂપે, આપની પંચાયત વિસ્તારના ફળ પાકોની ખેતી કરતાં ખેડૂતોને લાભ લેવા માટે, જાહેર સંદેશ/જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

મહોદય, ફળોં ની કલમો અને ફળમાખી નિયંત્રણ માટેની ટ્રેપ મેળવવા માટે ખેડૂતોએ (૧) જમીન ની ૧/૧૪ ની સ્વપ્રમાણિત નકલ (૨) આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ સાથે કૃષિ અનુભાગ, જીલ્લા પંચાયત, ઢોલર મોટી દમણ ની કચેરીમાં તારીખ. 30/૦૧/૨૦૧૮ થી ૧૬/૦૨/૨૦૧૮ સુધીમાં ફોર્મ ભરી તેની સાથે ઉપરના પુરાવાઓ જોડીને જમા કરાવી દેવું.

મહોદય, સંપૂર્ણ વિગત સહ પુરાવાઓ સાથેના ફોર્મ, પ્રાપ્ત થયા પછી, વિભાગ દ્વારા સંપૂર્ણ કાર્યવાહી પૂરી થયાબાદ પસંદ થયેલ ખેડૂતોને **"વહેલાતે પહેલા ના ધોરણે"** ફળોં ની કલમો અને ફળમાખી નિયંત્રણ માટેની ટ્રેપ મેળવી લેવા માટેની જાણ કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ

(પ્ર.લા.બગડા)
વિસ્તરણ અધિકારી (કૃષિ)
જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ,
મોટી દમણ.

નકલ રવાના :-

૧. સરપંચ,સેક્રેટરી,ગ્રામસેવક ગ્રામ પંચાયત સભ્યો, જરૂરી કાર્યવાહી સાથે ખેડૂતોને જાણ કરવા વિનંતી.
૨. પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ.
3. મુખ્ય જિલ્લા પંચાયત અધિકારી, દમણ.
૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.
૫. સભ્ય શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .
૭. ઉપપ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .
૮. NIC,દમણ,સરકારી વેબસાઇટ ઉપર અપલોડ અનુરોધ.